PARIPEX - INDIAN JOURNAL OF RESEARCH | Volume-6 | Issue-9 | September-2017 | ISSN - 2250-1991 | IF : 5.761 | IC Value : 79.96

ORIGINAL RESEARCH PAPER | Arts

# બારડોલી સત્યાગ્રહ અને મણિબહેન પટેલની પ્રવૃત્તિઓ

KEY WORDS:

ડૉ. ભાવના પ્રજાપતિ | આણંદ આર્ટ્સ કોલેજ

**પ્રાસ્તાવિક:**

મહાત્મા ગાંધીજીના પ્રખર અનુયાયી, દેશના સ્વતંત્રતા સંગ્રામ તથા હિંદના દેશી રાજ્યોના એકીકરણ શિલ્પી સરદાર વલ્લભભાઇ પટેલની ગાંધીજી દ્વારા ઘડતર કરાયેલ પુત્રી કુમારી મણીબહેન પટેલના કાર્યની આધુનિક ભારત તેમજ ગુજરાતના ઇતિહાસમાં નહિવત નોંધ લેવામાં આવી છે. ઇતિહાસમાં લગભગ ઉપેક્ષિત રહેલ મણિબહેનના સંપૂર્ણ જીવનકાર્યને નહિ પણ બારડોલી સત્યાગ્રહ વખતે પ્રજામાં જાગૃતિ લાવવા માટે કરેલ પ્રવૃત્તિઓ અને બારડોલી આશ્રમમાં કરેલ કામગીરીને ઉજાગર કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

**બારડોલી સત્યાગ્રહમાં પ્રદાન :**

બ્રિટિશસરકારની દર ત્રિસા વર્ષે જમીન મહેસૂલનીઆકારણી કરવાની આકારણી સામેઅહિંસક સત્યાગ્રહ અને લડત આપવાનું નક્કી કર્યું અને તેનું નેતૃત્વ નીતિ મુજબબારડોલી તાલુકામાં આકારણિ કરવામાં આવી. આ અન્યાયી તથા સંચાલન ૧૯૨૧ માં બ્રિટિશ સરકાર સામે ગાંધીજીએ શરૂ કરેલ દેશવ્યાપી અસહકાર આંદોલન ચૌરીચોરાના હિંસક બનાવ બાદ સમેટી લેવામાં આવ્યું. બારડોલી તાલુકામાં આવું આંદોલન શરૂ કરવાની યોજના પ્રજામાં અહિંસક લડત ચલાવવા માટેની પૂરતી ક્ષમતાના હોવાથી પ્રતીતી થતાં એ મુલતવી રાખેલ. અહિંસક લડત માટે પ્રજાને તૈયાર કરવાના પ્રયાસોબોરસદ તાલુકામાં (૧૯૨૩-૨૪) તેમજ નાગપુર ઝંડાસત્યાગ્રહમાક (૧૯૨૩) કરવામાં આવ્યા. ૧૯૨૮માં વલ્લભભાઇ પટેલને સોંપ્યું. અહિંસક લડત માટેની પ્રજાની ક્ષમતા ચકાસવા માટે આ સત્યાગ્રહ પ્રયોગશાળા હતો.

મહેસૂલ વધારાના મુદ્દે વલ્લભભાઇ તા. ૪ ફેબ્રુઆરી તથા ૧૨ ફેબ્રુઆરીના રોજ બારડોલી ગયા.લોકોને લડતના જોખમઅને પડકારો બતાવ્યા. તો સામે પક્ષે પ્રજાએ પણ વલ્લભભાઇને પૂરા સહકારની ખાતરી આપી. ૧૨ ફેબ્રુઆરી પછી શરૂ થયેલ લડત માટે વાંકાનેરમાં પહેલી સભા વલ્લભભાઈના પ્રમુખ પદે ભરાઇ જેમાં વલ્લભભાઇએ સ્ત્રીઓના સહકારની માંગણી કરી હતી. જરા પણ સંકોચ વગર સ્ત્રીઓએ(૧) ટેકો આપ્યો.અને વલ્લભભાઇની સભામાં સ્ત્રીઓની હાજરી દેખાવા લાગી. આમ, સંગ્રામ મંડાયો.તાલુકામાં કોઇ નબળા પોચા હોય તેને ઉત્સાહિત કરવા. કોમીએકતા સ્થાપવા સંપ રાખવા સરકારી અમલદારો ધાકધમકી આપી મહેસૂલ વસૂલ કરવાઆવેતેની સામે લોકોને સાવધાન કરવા સ્થળે સ્થળે છવણીઓ ખોલવામાં આવી.દેશભરમાંથી નેતાઓ બારડોલી ઉમટી પડ્યા . બારડોલી સરભોણ, બુહારી અને વેડછી એમ મુખ્યચાર આશ્રમો અને દસ જેટલી છાવણીઓ ખોલવામાં આવી.(૨) જેમાં મણીબહેનને ગોલણ છાવણીનું સંચાલન સોંપવામાં આવ્યું. આ છાવણી હેઠળ સાત ગામો હતા.(૩)

આવી લડત બહેનોના પૂરા સાથ અને ઉત્સાહ વગર ચાલી શકે નહી. જપ્તીમાં તેમની ઘરવખરી જાય, જતન કરીને સાચવેલી ભેંસો જાય તે વખતેબહેનો જો હકીકત સમજેલી ન હોય તો મુશ્કેલીમાં મૂકાય અને ઘરમાં કંકાસ લઇ બેસે તો પુરુષોનું કશું ચાલે નહી. પણ બારડોલીની લડતમાં બહાદુરી બતાવવામાં ભોગ આપવામાં અને કષ્ટો વેઠવામાં બહેનોએ ભાઇઓ કરતાં જરાયે પાછી પાની ન કરી બલ્કે આગળ વધી, તેનું શ્રેય ગામે ગામ અને ઘેરે ઘેર ફરી તેમને શૂર ચઢાવનાર કાર્ય કરતા બહેનો મણિબહેન મીઠુબહેન ભક્તિબહેન અને શારદાબહેન વગેરેને ઘટે છે.

જોત જોતામાં બારડોલી તાલુકામાં લડતે વેગ પકડ્યો. સરકારે ખાલસા નોટીસો પાઠવવા માંડી, તલાટીઓએ ધમકીઓ શરૂ કરી છતાં પ્રજાએ મહેસૂલ ન ભરતાં તેને વસૂલ કરવા પઠાણો તેડવામાં આવ્યા. જપ્તીઓ અને હરાજીઓ શરૂ થઇ. આ બધાની વચ્ચે બારડોલી તાલુકાની સ્ત્રીઓએ અપ્રિતમ જુસ્સો બતાવ્યો.

આનું એક ઉદાહરણ જોઇએ તો ૧૭મી મે ના રોજ મઢી ખાતે સીતારામભાઇને ત્યાં વાડો કૂદીને પઠાણ જપ્તી માટે ધૂસ્યો તેમના પત્ની શ્રીમતી મણીબાઇ જે પોતાનું બારણું વાસતા હતા તેમને ધક્કો મારી કાંડું પકડી ઘરમાંથી બહાર ઢસડી કાઢ્યા. સરકારના સ્ત્રી જાતિ ઉપર કરેલા આ બાયલા હુમલાના વિરોધમાં બીજે દિવસે મઢીમાં મણિબહેનના પ્રમુખપદે સ્ત્રીઓની સભા ભરાઇ જેમાં ૫૦૦ જેટલી સ્ત્રીઓ હાજર રહી. મણિબહેન અને અન્ય સ્ત્રી આગેવાનોએ ભાષણ કરી બહેનોને હિમ્મત આપી બહેનોએ પણ જેલ જવાની તૈયારી બતાવી લડતને સંપૂર્ણ સહકારની ખાતરી આપી. ત્યારબાદ રાત્રે મણિબહેને સ્યાદલામાં સ્ત્રી સભા ભરી લડત માટેની જાગૃતિ વધારવાના પ્રયાસો કર્યા.(૪)

મણિબહેને લડત દરમ્યાન એક કુશળ નેતાની જેમ સુકાન સંભાળેલું ગામેગામ સભાઓ ભરવી અને પ્રજાનો ઉત્સાહ ટકાવી રાખવા તેઓ પહોંચી જતા. ૯ મી એપ્રિલે ગાયકવાડી ગામ સિસોદરા પાસેના તલેરી ગામમાં ખેડૂતસભા ભરાઇ જેના ૮૦૦ પુરુષો અને ૩૦૦ સ્ત્રીઓ એકઠી થઇ. સભામાંવલ્લભભાઇ દરબાર ગોપાળદાસ ભક્તિબા અને મણિબહેન હાજર રહેલા. ગામલોકોએ ૧૦૧-૪-૦નો લડતફાળો તેમજ બહેનોએ ૬૧-૪૦ નો ફાળો અર્પણ કરેલો. (૫) આવી જ રીતે ૨૪ મી મે ના રોજ બપોરે બ્રાહ્મણ બહેનોએ સભા ભરી જ્યાં મણિબહેન અને ભક્તિબાએ હાજરી આપી. આ બહેંનોએ ૧૬-૧૨-૦ નો લડતફાળો મણિબહેને આપ્યો.(૬)

આવી સભામાં વિશેષ કરીને ૨૪ મી તારીખે ભરાયેલ મુસ્લિમ બહેનોની સભા વિશેષ ઉલ્લેખનીય છે. આ સભા બારડોલીમાં ઇબ્રાહિમભાઇ પટેલના મેડા ઉપર મળી. આ સભામાં ખાસ મણિબહેનને બોલાવવામાં આવ્યા. મુસ્લિમ બહેનોએ પૂરી ખાતરી આપતા રૂ. નો લડતફાળો પણ આપ્યો. મણિબહેને લડત સંબંધી સમજણ આપી. આ સભામાંનો એક પ્રસંગ જોઇએ તો મણિબહેને ઇબ્રાહિમભાઇની માતાને પૂછ્યું કે 'માજી, તમારા દિકરાને કેદ થશે તો શુ કરશો?' ડોશિમાએ કહ્યું 'મારો દિકરો ક્યાં ખોટું કામ કરીને કેદમાં જવાનો છે કે મને દિલગીરી થાય?..પણ મને એમાં અફસોસ નહીં થાય.' (૭) આ હતી સ્ત્રીઓની ખુમારી અને તેનું રહસ્ય

મણિબહેન અને અન્ય સ્ત્રી કાર્યકરોની મહેનત હતી.

આ જ રીતે તા. ૨૯-૫-૧૯૨૮ની રાત્રે વાલોડમાં વલ્લભભાઇ પટેલની જંગી સભા ભરાઇ તે પહેલા બહેનોની ખાસ સભા વાલોડમાં થઇ હતી. જેમાં મણિબહેન અને ભક્તિબાને ખાસ આમંત્રણ આપવામાં આવેલું. બહેનોનો ઉત્સાહ ભારે હતો. મણિબહેને સભાનાભાષણમાં કહ્યું કે, આપણે જેલથી ડરવાનું શું છે? આપણને જેલમાં પૂરવામાં આવશે ત્યારે તો સરકારનું રાજ્ય ઉથલપાથલ થઇ જશે. "તેમણે આગળ બોલતા બહેનોને તેમની જવાબદારી સમજાવતા કહ્યુ કે"પોતાના ઘરના પુરુષ વર્ગમાં કોઈ નરમ જણાય, પૈસાની કે નોકરીની કે એવી બીજી કોઈ લાલચે નબળાઈ બતાવે તો આપણે તેમને હિમંત આપવી જોઈએ . સભાની બહેનોએ વિદુરની ભાજી તરીકે ઓળખાવી રૂ.૮૬-૮-૦ ની રકમ ભકિતબાને અર્પણકરી હતી.(૮)

આજ રીતે તા.૧૯-૬-૧૯૨૮ની રાત્રે સુપા ગુરૂકુળ તરફથી સભા ગોઠવવામાં આવી હતી . આ સભામાં શ્રી કલ્યાણજીભાઈ ,વીઠ્ઠલભાઈ તથા મણિબહેન હાજર રહ્યા તેમને સભાને સંબોધતા તેમનો જુસ્સો વધાર્યો. ગુરૂકુળના કાર્યકર્તાઓ રૂ.૮૫નો લડત ફાળો તેમજ બ્રહ્મચારીઓએ કેટલાય દિવસ સુધી ખોરાકમાંથી, ઘી, દૂધનો ત્યાગ કરીને તેમજ ઇંટો વહેવાની મજૂરી કરીને બચાવેલા રૂપીયા ૬૫ નો લડત ફાળો મણિબહેનને અર્પણ કર્યો હતો.(૯)

આવી જ એક મોરીઠ ગામની સભામાં મણિબહેને પોતાની એક નવી વાત રાનીપરજ સ્ત્રીઓ સમક્ષ મૂકતાં તેમનાં ડોકે તેમજ હાથે પગે પથ્થર પિત્તળ વગેરેના ભારેખમ ઘરેણા ઉતારવાની માંગણી કરી. જેના પરીણામે ત્યાને ત્યાં ૨૨ બહેનોએ પોતાના ઘરેણા ઉતાર્યા અને ફરી કદી ન પહેરવાની પ્રતિજ્ઞા લીધી. મણિબહેનના ગયા બાદ રાનીપરજ બહેનોએ ઘરેણાં ઉતારાવનારી સ્ત્રીઓની એક ખાસ યાદી તૈયાર કરી,એટલું જ નહી પૂના આશ્રમના શ્રી નાનુભાઇ દેશમુખ પાસે માંગણી કરી કે મણિબહેનને આ માટે ફરી લઇ આવો. આમ, આ કાર્યમાં મણિબહેનની રાષ્ટ્રસેવાની સાથે સામાજીક સુધારણાની દ્રષ્ટિ પણ દેખાય છે.

બારડોલી સત્યાગ્રહ દરમ્યાન ખાદી પ્રવૃત્તિને વિશેષ મહત્વ આપવામાં આવેલું અને તૈયાર થયેલ ખાદીની ફેરી આશ્રમની આગેવાન બહેનોએ શરૂ કરેલી. બામણી વિભાગના ગામોમાં મણિબહેન પટેલ અને ભક્તિબાએ તારીખ ૧૬-૦૪-૧૯૨૮ના રોજથી ખાદી ફેરી શરૂ કરેલી. હરિપુરામાં તા.૧૬ મી એ લોકોએ રૂ. ૮૬-૧૩-૩ ની ખાદી ખરીદી હતી. ખાદી ખરીદવાનો ઉત્સાહ એટલો હતો કે કેટલાય લોકો ખાદી ખરીદ્યા વગર રહી ગયા હતા. ત્યારબાદ તેઓ સમથાણમાં ફેરી કરવા ગયા હતા. આ પ્રસંગે એક ખાસ સભા મળી હતી. જેમાં મણિબહેન પટેલે આ દેશની સુંદર વણાંટ કલાનો સરકારે કેવી રીતે નાશ કર્યો હતો, તે અંગે ભાષણ કરી ખાદીનું મહત્વ સમજાવ્યું હતું. અને ખાદી મારફતે જ સરકારને ઠેકાણે આણવાની વિનંતી કરી હતી. આ પરથી દેશની આર્થીક બાબતોની તેમની જાણકારી કેવી હશે તેની પ્રતિતિ થાય છે.

તા. ૧૭મી ના રોજ તેઓ અકોટી ગયા હતા ત્યાં પણ ખાદીફેરી કરી રૂ.૭૫ એકઠા કરેલા. ખાદી પ્રચારની સાથે સાથે વિદેશી કાપડનો ત્યાગ તેમજ સભા સરઘસોમાં મણિબહેન પટેલે ખૂબ જ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

લડત દરમ્યાન સરકાર ગરીબ લોકો પાસે વેઠ કરવતી. આનો ભોગ બનેલા એક ગાડાવાળને છોડાવવા બદલ પૂજ્ય રવિશંકર મહારાજ સામે કેસ થયો.અને તેમાં તેમને ૫ મહિનાની ૧૦ દિવસની સખત કેદની સજા થાઇ. આ ચુકાદો આવતાં કોર્ટમાંથી બહાર તેઓ નીકળ્યા ત્યારે મણિબહેન અને મીઠુંબહેન પિટીટ સૂતરનો હાર પહેરાવવા ઉભા રહ્યા. પણ પોલીસોએ તેમ ન કરવા દેતાં મણિબહેનને તે હાર તેઓ છૂટે ત્યારે પહેરાવવા છેક સુધી સાચવી રાખેલો

રવીશંકર મહારાજ પછી ,મામલતદારની અટકાયત કરવા બદલ શ્રી ચિનાઇને પકડાવામાં આવ્યાં. આઠ મહિના અને વીસ દિવસની સજા થઇ. કાઠિયાવાડથી આવેલા શિવાનંદભાઇ તથા અમૃતલાલ તેમજ વાલોડના સન્મુખ્લાલને પકડવામાં આવ્યાં. જેલની સજા થઇ. લડતના આગેવાનો કેદ થવાથી વલ્લભભાઇએ તેમની જવાબદારી સ્ત્રી આગેવાનોને સોંપી. સરકારે જપ્તકરેલી જમીન નજીવી કિંમતે હરાજી થવા લાગી. વલ્લભભાઇએ ખેડૂતોને વિશ્વાસ અપાવ્યો કે " આ જમીનો તમારા દરવાજા ઠોકતી તમારીપાસે આવવાની છે."(૧૪) વલ્લભભાઇએ જપ્ત જમીનો પર માંડવા(ઝુંપડા) પાડી રહેવાનો આદેશ મણિબહેન, મીઠુંબહેન પિટિટ અને ભક્તિબાને આપ્યો.(૧૫) તેઓ ત્યાં પહોંચી ગયા આ વ્યવહારૂ પગલાથી જમીન ખરીદનારાઓ માટે જમીનનો કબ્જો લેવાનું મુશ્કેલ બની ગયું. લડતનો રંગ જામ્યો અને સરકારનું તંત્ર થંભી ગયું.

સરકારનું એક તરફનું દમન, બીજી તરફ રચનાત્મક પ્રવૃત્તિઓ, અસહકારનું વાતાવરણ અને વલ્લભભાઇનું નેતૃત્વ આ બધાને લીધે સરકારે મધ્યમ માર્ગ વિચારવા માંડ્યો અને સુરતના કમિષ્નર સ્માર્ટે વલ્લભભાઇને ખબર મોકલાવ્યા કે નામદાર ગવર્નર સુરતમાં વલ્લભભાઇને મળવા માંગે છે. જુલાઇની ૧૮મી એ બારડોલીથી વલ્લભભાઇએ પોતાની સાથે અબ્બાસ તૈયબજી, કલ્યાણજી મહેતા, ઉપરાંત શારદાબહેન મહેતા, ભક્તિબા દેસાઇ અને મીઠુબહેન પીટીટ એ ત્રણ બહેનોને સાથે લીધી. આપ્રતિનિધિ મંડળની બહેનોની સાથે મણિબહેન પટેલ પણ સુરત ગયા હતા.(૧૬) આખરે મહેસુલની આકારણનું પુનર્સશોધન કરવા સરકાર તૈયાર થઇ આખરે આ લડત સફળ થઇ. એપ્રિલના વલ્લભભાઇ જૂનમાં સરદાર બન્યા અને ઓગષ્ટ મહિનામાં વિજયી સેનાપતિ બન્યા.

**સમાપન:**

કાકાસાહેબકાલેલકર, આચાર્ય કૃપલાણી અને ગિદવાણી દ્વારા ગુજરાત વિદ્યાપીઠમાં કેળવાયેલ અને પછી ગાંધીજી દ્વારાજીવન ઘડતરપામેલ મણિબહેને બારડોલી સત્યાગ્રહ વખતે દાખવેલ નિડરતા અને નિષ્ઠાએ સમાજની દરેક વર્ગની સ્ત્રીઓમાંજાગૃતિ લાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.

રૂઢિઓના બંધનમાં જકડાયેલસ્ત્રીઓને એમાંથી મુક્ત કરવા માટેના પ્રયાસો પણ કર્યા.એમના પ્રવચનથી પ્રભાવિત થઇ અનેક આદિવાસી સ્ત્રીઓએ પોતાના ભારે વજનવાળા પથ્થર અને ધાતુના આભુષણોનો ત્યાગકર્યો.ગાંધીજી ખેડુતોઆર્થિક દ્રષ્ટિએ વધુ સક્ષમ બને એ માટે ચરખા ખાદીનો પ્રચાર-પ્રસાર થાય એમ ઇચ્છતા હતા. મણિબહેને આકાર્ય પણ વ્યવસ્થિત રીતે તાલુકામાં કર્યું.સંક્ષેપમાં મણિબહેને સત્યાગ્રહમાં સરદાર પટેલ્ને પૂરતો સહયોગ આપ્યો. તેમજ પ્રજામાં અન્યાય સામે લડવા માટેની પ્રતિબદ્ધતા વિકસિત કરી. અને ગાંધી વિચારસરણીનો પ્રચાર કર્યો. આમ, સેવા,ત્યાગ અને કર્તવ્યનીમૂર્તિ એવા મણિબહેનનું આઝાદીના આંદોલનના પાયાના કાર્યકરતરીકેનું પ્રાદાન મૂઠીઊંચેરુ છે એમ ચોક્કસ કહીશકાય.

## સંદર્ભ સૂચિ:


(૧) સરદાર પટેલ :એક સમાર્પિત જીવન–રાજમોહન ગાંધી પૃ-૧૬૧
(૨) ઉપર્યુક્ત પૃ-૧૫૪
(૩)ચંદ્રશંકર શાસ્ત્રી - રાષ્ટ્રનિર્માતા સરદાર પટેલ-૧૯૬૩ પૃ-૩૧,૩૨
(૪)બારડોલી સત્યાગ્રહ ખબરપત્ર ૭૧ પૃ-૧
(૫)બારડોલી સત્યાગ્રહ ખબરપત્ર ૩૭ પૃ-૧
(૬)બારડોલી સત્યાગ્રહ ખબરપત્ર ૭૮ પૃ-૨
(૭)બારડોલી સત્યાગ્રહ ખબરપત્ર ૭૮ પૃ-૨
નવજીવન તા.૩-૬-૧૯૨૮
(૮)બારડોલી સત્યાગ્રહ ખબરપત્ર ૮૩ પૃ-૩
(૯)બારડોલી સત્યાગ્રહ ખબરપત્ર ૧૧૩ પૃ-૧
(૧૦)બારડોલી સત્યાગ્રહ ઇ.ઇ.દેસાઇ જીલ્લા પંચાયત,સુરત પૃ-૧૮૭
(૧૧)બારડોલી સત્યાગ્રહ ખબરપત્ર ૪૧ પૃ-૧
(૧૨)'પ્રતાપ' વિજયાંક,૧૯૨૮ પૃ-૬૮
(૧૩) બારડોલીસત્યાગ્રહ, ખબરપત્ર ૭૧ પૃ-૧
(૧૪) સરદાર વલ્લભભાઇ પટેલ (૧) નરહરિ પરિખ પૃ-૩૪૭
(૧૫) ઉપર્યુક્ત- રાજમોહન ગાંધી, પૃ-૩૫૦
(૧૬) માયજી અભિનંદન ગ્રંથ પૃ-૧૬૩
(સં) ઇ.ઇ.દેસાઇ અને અન્ય મરોલી ૧૯૭૦- વેડછીનો વડલો પૃ-૧૫૯
(સં)નારાયણદેસાઇ
ગ્રામ સેવા સમાજ, વ્યારા૧૯૮૪ પૃ-૧૩૨